# સમગ્ર ઉત્તર-પૂર્વ ભારતના રાજ્યોમાં ધરતીકંપ : ૨૦ના મોત

નવી દિલ્હી,તા. ૧૨

નેપાળમાં ૭.૩ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ બાદ આજે ફરી એકવાર ભારતના મોટાભાગના રાજ્યો હચમચી ઉઠ્યા હતા. સમગ્ર ઉત્તર ભારતના રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. બપોરે ૧૨.૩૫ની આસપાસ આ આંચકો આવ્યો હતો જેના કારણે ઉત્તર ભારતમાં પણ ઘણી જગ્યાઓએ નુકસાન થયું હોવાના અહેવાલ મળ્યા છે. બિહાર, પશ્ચિમ બંગાળ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, ગુજરાત સહિતના રાજ્યો હચમચી ઉઠ્યા હતા. ૨૦ સેકન્ડ સુધી આંચકાની અસર રહી હતી. ઉત્તર ભારત અને પૂર્વ ભારતમાં તેની સીધી અસર રહી હતી. પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને આસામમાં પણ આંચકો અનુભવાયો હતો. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં ૧.૧૩ વાગે ફરી એકવાર આંચકો અનુભવાયો હતો. બે નવેસરથી આંચકાના કારણે બિહારમાં ફરી એકવાર નુકસાન થયું હતું. બિહારમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોતને સમર્થન મળ્યું છે. જુદા જુદા વિસ્તારમાં આ લોકોના મોતના અહેવાલ મળ્યા છે.જ્યારે ઉત્તર પ્રદેશમાં બે લોકના મોત થયા છે. બિહારમાં બંને આંચકાની તીવ્રતા ઉત્તર બિહારમાં વધારે અનુભવાઈ હતી. પૂર્વી ચંપારણ, પશ્ચિમી ચંપારણ, સીતામઢી, મધુબાનીમાં વધારે અસર રહી હતી. રાષ્ટ્રીય પાટનગરમાં ૩૦ સેકન્ડ સુધી તેની અસર રહી હતી. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ એલએસ રાઠોડે કહ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્ર કાઠમંડુથી ૬૦ કિલોમીટર પૂર્વે સ્થિત હતું. પ્રથમ આંચકો ૧.૦૪ વાગે આવ્યો હતો તેની તીવ્રતા ૫.૪ હતી અને જ્યારે બીજો આંચકો ૧.૬ વાગે અનુભવાયો હતો. દિલ્હી મેટ્રો સેવાને થોડાક મિનિટ માટે રોકવામાં આવી હતી. લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. ઝારખંડમાં પણ આની અસર જોવા મળી હતી. પ્રથમ આંચકો ૧૨.૩૫ વાગે આવ્યો હતો અને એક મિનિટ સુધી તેની અસર રહી હતી જ્યારે આસામમાં ૭.૩ની તીવ્રતા સાથે આંચકો અનુભવાયો હતો. લોકો તેમના ઘરની બહાર દોડી ગયા હતા. ઉત્તરપ્રદેશમાં પણ લોકોમાં આવી જ સ્થિતિ જોવા મળી હતી. ગુજરાત અને અન્ય રાજ્યોમાં પણ તેની અસર થઈ હતી. નેપાળમાં આજે ૭.૩ની તીવ્રતાના વિનાશકારી ભૂકંપ બાદ તેની માઠી અસર ભારતમાં પણ જોવા મળી હતી. ભારતના મોટાભાગના રાજ્યો પણ ભૂકંપથી હચમચી ઉઠ્યા હતા. જો કે, નેપાળની સરહદ સાથે જોડાયેલા બિહાર અને અન્ય રાજ્યોમાં સૌથી માઠી અસર થઈ હતી. નેપાળમાં ભૂકંપ બાદ સમગ્ર ઉત્તર ભારત અને ઉત્તરપૂર્વ ભારતમાં તેની માઠી અસર થઈ હતી અને તમામ રાજ્યોમાં ખળભળાટ મચી ગયો હતો. નેપાળમાં આંચકો આવ્યા બાદ તરત જ તેની સીધી અસર ભારતીય રાજ્યો ઉપર થઈ હતી. દિલ્હી-એનસીઆર, ઉત્તરપ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, ગુજરાત, અને અન્ય રાજ્યોમાં પ્રચંડ આંચકો અનુભવાયો હતો. ભારતમાં પણ



જુદા જુદા રાજ્યોમાં મોતનો આંકડો વધીને ૧૦ ઉપર પહોંચ્યો હતો. સૌથી માઠી અસર બિહાર અને અન્ય રાજ્યોમાં થઈ હતી. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ તરત સક્રિય થઈ ગયા હતા. ઉત્તર અને ઉત્તરપૂર્વીય ભારતમાં સૌથી માઠી અસર જોવા મળી હતી. બીજી બાજુ દિલ્હી અને કોલકત્તામાં મેટ્રો ટ્રેનને રોકી દેવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે ગયા વર્ષે ૧૨મી નવેમ્બરના દિવસે પણ દિલ્હીમાં આંચકો આવ્યો હતો. એ દિવસે ત્રણ કલાકની અંદર ચાર વખત આંચકો આવ્યો હતો. એ વખતે જે આંચકો આવ્યો હતો તેનુ કેન્દ્ર દિલ્હીમાં નોંધાયું હતુ. આજના આંચકા બાદ સમગ્ર વિજ્ઞાનના લોકો અભ્યાસમાં લાગી ગયા હતા. દિલ્હીમાં ધરતીકંપની તીવ્રતા ૫ જેટલી નોંધાઈ હતી. બિહારમાં ૧૦ લોકોના મોત થઈ ચુક્યા છે જેમાં ત્રણ બાળકોનો સમાવેશ થાય છે. અન્ય બે ડઝન લોકો ઘાયલ થયા છે. બિહારના જુદા જુદા ભાગોમાં દિવાલ ધસી પડવાના અને મકાન ધરાશાયી થવાના બનાવો બન્યા છે.

## પંજાબ અને બેંગ્લોર વચ્ચે આજે મોહાલીમાં જંગ થશે

મોહાલી,તા. ૧૨

મોહાલીમાં આવતીકાલે રમાનારી ઈન્ડિયન પ્રિમિયર લીગ-૮માં આવતીકાલે રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે રોમાંચક જંગ ખેલાનાર છે. આ મેચનુ રાત્રે આઠ વાગેથી પ્રસારણ કરવામાં આવનાર છે.રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમની તકલીફ પણ વધી ગઈ છે. કારણ કે ચેન્નાઈ સુપર કિંગ્સ, કોલકતા નાઈટ રાઈડર્સ, રાજસ્થાન રોયલ્સ જેવી ટીમ તેના કરતા આગળ છે. જેના કારણે તેની ટીમના દેકાવ પર તમામની નજર રહેશે. ચેન્નાઈ સુપર કિંગ્સ ૧૨ મેચમાં




આઠ જીત સાથે પ્રથમ સ્થાન પર છે. જ્યારે કિંગ્સ ઈલેવન પંજાબની ટીમ સૌથી પાછળ રહી ગઈ છે. આવતીકાલની મેચ હવે કિંગ્સ ઈલેવન પંજાબ માટે માત્ર અનૌપચારિકતા સમાન છે જ્યારે બેંગલોર માટે મેચ મહત્વપૂર્ણ છે. સમગ્ર આઈપીએલ-૮માં કિંગ્સ ઈલેવન પંજાબનો દેખાવ નબળો રહ્યો છે. જેથી આ ટીમ હવે ફેંકાઈ ચુકી છે. આ વખતે સમગ્ર આઈપીએલમાં કોઈ સમય ટીમ ઈન્ડિયાના ધરખમ ખેલાડી રહી ચુકેલા વિરેન્દ્ર સહેવાગનો ફ્લોપ શો રહ્યો છે. જેથી ચાહકો નિરાશ થયા છે. મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે.

## કોલકાતા : લોકલ ટ્રેનમાં બોંબ બ્લાસ્ટ, ૨૦ ઘાયલ

કોલકત્તા,તા. ૧૨

પશ્ચિમ બંગાળના નોર્થ પરગના જિલ્લામાં તિતાગઢ સ્ટેશન નજીક લોકલ ટ્રેનમાં આજે વહેલી પરોઢે બોમ્બ બ્લાસ્ટ થતા ઓછામાં





ઓછા ૨૦ લોકો ઘાયલ થયા હતા. જે પૈકી કેટલાકને ગંભીર ઈજા થઈ હોવાનુ જાણવા મળ્યું છે. વહેલી પરોઢે તીતાગઢ સ્ટેશન નજી આ બનાવ બન્યો હતો. તમામ ઘાયલ થયેલા લોકોને સારવાર માટે કોલકત્તાના આરજી કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ઘાયલ કરવામા આવ્યા છે. બ્લાસ્ટ થયા બા પોલીસ, ફાયર બ્રિગેડની ટીમ અને બચાવ ટીમો તરત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ટ્રેન સિયાલદહ મેઈન લાઈન પર જઈ રહી હતી. ઘટના બન્યા બાદ સિયાલદહ-બૈરકપુર મેન લાઈન પર રેલ્વે સેવાને રોકી દેવામાં આવી હતી. પોલીસ સુત્રોએ કહ્યું છે કે પ્રાથમિક સુચનાથી લાગી રહ્યુ છે કે બોમ્બની તીવ્રતા ઓછી હતી. કેટલાક યાત્રી બેગમાં વિસ્ફોટક લઈને જઈ રહ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ બોમ્બને ટ્રેનમાં રાખવામા આવ્યો ન હતો. થોડાક સમય બાદ ટ્રેન સેવા આ રૂટ પર ફરી શરૂ કરવામાં આવી હતી. તીતાગઢ કોલકત્તાથી આશરે ૩૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. બ્લાસ્ટ થયા બાદ યાત્રીની સુરક્ષા માટે મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી. બ્લાસ્ટના સંબંધમાં તપાસ પણ હાથ ધરવામાં આવી છે.

ઈસ્ટર્ન રેલવેના સિલદાહ મેઈન સેક્શન હેઠળ લોકલ ટ્રેનના એન્જિનમાંતી પાંચમા કમ્પાર્ટમેન્ટમાં બ્લાસ્ટ થયો હતો. ઈસ્ટર્ન રેલવેના સીપીઆરઓ આરએન મહાપાત્રાએ કહ્યું હતું કે ટ્રેન વહેલી પરોઢે ૩-૨૦ વાગે સિલદાહથી રવાના થઈ હતી. તે ૩-૫૫ વાગે તીતાગઢ ખાતે પહોંચી હતી. તીતાગઢ સ્ટેશન ખાતે ટ્રેનમાં લોકો બેસી રહ્યા હતા ત્યારે જ બ્લાસ્ટ થયો હતો. બ્લાસ્ટ થયાના થોડાક સમય બાદ જ ટ્રેન સેવાને સામાન્ય બનાવી દેવામાં આવી હતી. જો કે સરકાર પણ આના કારણે હચમચી ઉટી છે. બે હરિફ ગ્રુપ વચ્ચે ખેંચતાણના કારણે બ્લાસ્ટ થયો હોવાની પ્રાથમિક વિગત મળી રહી છે. ટ્રેનમાં બેસેલા બે ગ્રુપ વચ્ચે બોલાચાલી થયા બાદ એકબીજા પર બોમ્બ ફેંકાયા હોવાનો આક્ષેપ ભાજપના નેતા દ્વારા કરવામાં આવ્યો છે. બોમ્બ ઓછી તીવ્રતાના હતા.

**છેલ્લા એક વર્ષમાં તીવ્ર તેજી છતાં ઓછો ઉત્સાહ**

## માત્ર ૧૨.૯ લાખ જ ડીમેટ ખાતા ખોલવામાં આવ્યા છે

મુંબઈ,તા. ૧૨

શેરબજારમાં છેલ્લા એક વર્ષમાં નોંધપાત્ર તેજી રહી હોવા છતાં તેની અસર જે રીતે વર્ષ ૨૦૦૭માં દેખાઈ હતી તેવી રીતે રિટેલ મુડીરોકાણકારો પર આ વખતે દેખાઈ નથી.હાલમાં બજારમાં ભારે અફડાતફડી જોવા મળી છે. આના કારણે રોકાણકારો હચમચી ઉઠ્યા છે. ડીમેટ ખાતા ઓછા ખોલવામાં આવ્યા છે. ૩૧મી માર્ચના દિવસે પૂરા થઈ રહેલા નાણાંકીય વર્ષમાં હજુ ઓછા ખાતા ખોલવામાં આવ્યા છે. સેબી અને ડિપોઝીટરી એનએસડીએલ તેમજ સીડીએસએલ પાસેથી પ્રાપ્ત આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે પહેલ એપ્રિલ ૨૦૧૪થી ૩૧મી જાન્યઆરી ૨૦૧૫ સુધીના ગાળામાં આશરે ૧૨.૯ લાખ નવા ડિમેટ ખાતા ખોલવામાં આવ્યા છે. જ્યારે ૩૧મી માર્ચ ૨૦૦૮ના દિવસે પુરા થયેલા નાણાંકીય વર્ષ ૫૦ લાખ કરતા વધારે ખાતા ખોલવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૦૮માં સેન્સેક્સ જોરદાર તેજી બાદ ૨૧૨૦૬ પોઈન્ટ સુધી પહોંચી ગયો હતો. આ વર્ષે પણ શેરબજારમાં સ્થિતી ખુબ સારી રહી છે. નાના રોકાણકારો માર્કેટમાં જોવા મળી રહેલી તેજીને લઈને વધારે ઉત્સાહિત દેખાઈ રહ્યા નથી. જેથી ઓછા ડિમેટ ખાતા ખોલવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આગામી દિવસોમાં બજાર પર નજર રાખવામાં આવી શકે છે. તાજેતરમાં જ વ્યાજદરને લઈને પણ કારોબારી ચર્ચામાં છે. બજારમાં તેજી લાવવા માટે કેટલાક વધુ પગલા બજેટમાં જાહેર કરાય તેવી પણ શક્યતા છે. થોડાક સમય પહેલા સામાન્ય લોકો શેરબજારમાં જંગી રોકાણ કરવા માટે ઉત્સાહિત રહેતા હતા. તેમાંથી જંગી કમાણી પણ કરવામાં આવી ચુકી છે. પરંતુ હાલમાં શેરબજારમાં સ્થિર તેજી જોવા મળી રહી નથી.

## ચીન ત્રીજા સૌથી મોટા શસ્ત્ર નિકાસકાર દેશ તરીકે રહ્યું

નવી દિલ્હી,તા. ૧૨

ચીને હવે વિશ્વના ત્રીજા સૌથી મોટા શસ્ત્ર નિકાસકાર દેશ તરીકેની સિદ્ધી મેળવી લીધી છે. ચીને આ મામલે હવે જર્મનીને પછડાટ આપી છે. નવા અભ્યાસમાં હવે આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. આજે સવારે જારી કરવામાં આવેલા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક શસ્ત્ર માર્કેટમાં ચીનની હિસ્સેદારી વર્ષ ૨૦૧૦-૨૦૧૪ દરમિયાન વધીને ૧૪૩ ટકા થઈ ગઈ છે. આ ગાળા દરમિયાન વૈશ્વિક શસ્ત્ર ટ્રાન્સફર વોલ્યુમમાં અગાઉના પાંચ વર્ષની સરખામણીમાં ૧૬ ટકાનો વધારો થયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રીસર્ચ દ્વારા આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૨૦૦૯-૧૪માં વર્લ્ડ માર્કેટની હિંસ્સેદારીમાં વધારો થયો છે. એ ગાળા દરમિયાન શસ્ત્ર નિકાસકારોની યાદીમાં ચીન નવમાં ક્રમાંકે હતુ. યુદ્ધ વિમાનો, જહાજોની નિકાસમાં તે સૌથી આગળ છે. ડેટા દર્શાવે છે કે ચીન દિન પ્રતિદિન તેની ટેકનોલોજીને સુધારવામાં સપળ રહ્યુંછે. જેથી તેની હિસ્સેદારી સતત વધી રહી છે. ચીને ૩૫ દેશોમાં તેના હથિયારો નિકાસ કર્યા છે. જેમાં પાકિસ્તાન, બાંગલાદેશ મ્યાનગાર મુખ્ય છે. ચીન દ્વારા ભારતના બજારો પર પણ નજરહવે રાખવામાં આવી રહી છે.ચીન મધ્યમ ક્વાલિટીના હથિયારો આપે છે. જેની કિંમત વાજબી હોય છે. આ જ કારણસર તે વિશ્વના બજારોમાં ઝડપથી આગેકુચ કરી રહ્યુંછે. અમેરિકા, રશિયા, જર્મની અને બ્રિટન સાથે તેની હવે સ્પર્ધા તીવ્ર બની રહી છે. તીવ્ર સ્પર્ધા વચ્ચે તે ઉત્તર કોરિયા અને ઈરાનને પણ પ્રભાવિત કરવા માટે તે પ્રયાસ કરી રહ્યું છે. અમેરિકાની સામે તે નવા નવા પડકારો ઉભા કરે છે. ચીન મોટાભાગે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને મ્યાનમારને હથિયારો પુરા પાડે છે.

**સ્મૃતિ ઈરાની અમેઠી ફુડ પાર્કને પરત અપાવે તેવી માંગ**

## જમીન બિલને લઇ મોદી સરકાર પર રાહુલ ગાંધીના આકરા પ્રહારો

નવીદિલ્હી,તા. ૧૨

જમીન અધિગ્રહણ બિલને લઈને મોદી સરકાર ઉપર આકરા પ્રહારો જારી રાખતા કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે જોરદાર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, વધુ મોટી ચોરીઓ દિનદહાડે થઈ રહી છે. સાદા વસ્ત્રોમાં ચોરી કરવામાં આવી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો દેખિતીરીતે ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ અર્થશાસ્ત્રીઓનો ઉલ્લેખ કર્યો હતો. ચોરીઓ દિનપ્રતિદિન સપાટી ઉપર આવી રહી છે પરંતુ હવે આ બાબત સમજાય છે કે, મોટા ચોર સાદા વસ્ત્રોમાં ચોરી કરી રહ્યા છે. લોકસભામાં પોતાની રજૂઆત કરતા કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે, તેમની પાર્ટી બિલનો જોરદાર વિરોધ કરી રહી છે. અમને સંસદમાં રોકી શકાય છે પરંતુ અમે શેરીઓમાં પણ દેખાવ કરવા માટે તૈયાર છીએ. રાહુલે ઉમેર્યું હતું કે, શૂટ બુટ કી સરકારને અમે મંજુરી આપીશું નહીં. મોદી સરકારને ગરીબ વિરોધી તરીકે ગણાવીને અમેઠીના સાંસદે કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર ગરીબો માટે કામ કરી રહી નથી. ઉદ્યોગપતિઓ માટે કામ કરી રહી છે. ગાંધી આઈકને વધુમાં એનડીએ સરકાર



ઉપર પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે, ૧૦૦ પ્રોજેક્ટો પૈકીના માત્ર આઠ પ્રોજેક્ટો પેન્ડિંગ રહ્યા છે તેવી વાત ખોટી દેખાઈ રહી છે. કોંગ્રેસના નેતાએ યુપીએના શાસન દરમિયાન પસાર કરવામાં આવેલા જમીન બિલની હત્યા કરવાનો ભાજપના નેતૃત્વમાં એનડીએ સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો. રાહુલે પ્રશ્ન કર્યો હતો કે, ૪૦ ટકા જમીન સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં બિનઉપયોગી પડી છે. ત્યારે કેન્દ્ર સરકાર ખેડૂતોની જમીન કેમ ઈચ્છી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમારી સરકાર સામાજિક મુલ્યાંકનની વાત કરી રહી છે પરંતુ ખેડૂતો સાથે ચર્ચા કરવામાં આવી રહી નથી. વર્તમાન સરકાર આવી જોગવાઈઓને દૂર કરી ચુકી છે. સોમવારના દિવસે લોકસભામાં વિવાદાસ્પદ જમીન અધિગ્રહણ બિલ રજૂ કરવામાં આવ્યો હતો. વિરોધ પક્ષ દ્વારા આનો જોરદાર વિરોધ કરાયો હતો. વિપક્ષે ખેડૂત વિરોધી પગલા તરીકે ગણાવીને આની ટીકા કરી હતી. કોંગ્રેસ અને કેટલાક વિરોધ પક્ષના સભ્યોએ વોકઆઉટ પણ કર્યો હતો. રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું હતું કે, અમેઠી ફુડ પાર્કને લઈને સ્મૃતિ ઈરાનીએ પગલા લેવા જોઈએ. કેન્દ્ર સરકાર સમક્ષ અમેઠી ફુડ પાર્ક પરત અપાવવાના સ્મૃતિ ઈરાનીએ પ્રયાસ કરવા જોઈએ તેવી માંગ રાહુલ ગાંધીએ કરી હતી. રાહુલના ફુડ પાર્કને લઈને ઘમસાણની સ્થિતિ છે.

## અલ્હાબાદ રેલ્વે સ્ટેશનની બહાર પણ થયેલો બ્લાસ્ટ

અલ્હાબાદ,તા. ૧૨

ઉત્તરપ્રદેશમાં અલ્હાબાદ રેલવે સ્ટેશનની બહાર પણ ઓછી તીવ્રતાનો બ્લાસ્ટ થયો હતો જેના કારણે કોઈપણ ખુવારી થઈ નથી પરંતુ રેલવે અધિકારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. એડિશનલ ડિરેક્ટર જનરલ રેલવે જાવેદ અહેમદે ભારપૂર્વક કહ્યું છે કે, આ બ્લાસ્ટ થયા બાદ સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. એક સપ્તાહ પહેલા સ્ટેશન ખાતે સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા હતા. આ બનાવ રેલવે સ્ટેશન નજીક એ વખતે બન્યો હતો જ્યારે નવી બિલ્ડિંગનું નિર્માણ ચાલી રહ્યું હતું. બનાવના મામલામાં તપાસ ચાલી રહી છે. આ બ્લાસ્ટ શહેરી કુતરાનું મોત થયું હતું.

રેલવે વહીવટીતંત્રના અધિકારીઓ સાથે વાતચીત કરવામાં આવી છે. સીસીટીવી કેમેરામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. કોલકાતામાં લોકલ ટ્રેનની અંદર બ્લાસ્ટના સમાચાર આવ્યા બાદ થોડાક સમય પછી અલ્હાબાદ રેલવે સ્ટેશનની બહાર આ બ્લાસ્ટ થયો હતો. કોલકાતા બ્લાસ્ટમાં ૨૦ લોકોને નાની મોટી ઈજા થઈ હતી.

## મરાઠવાડા : જાન્યુઆરી બાદ ૩૦૦ ખેડુતોની આત્મહત્યા

ઔરંગાબાદ,તા. ૧૨

ખેડૂતોની આત્મહત્યાને રોકવાની દિશામાં વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં મોટી સંખ્યામાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે. આ વર્ષે જાન્યુઆરી બાદથી ૩૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. મરાઠવાડામાં હાલત ખુબ જ કફોડી બનેલી છે. આ વર્ષે જાન્યુઆરી બાદથી ખેડુતોની આત્મહત્યાનો ગ્રાફ વધી રહ્યો છે. જાન્યુઆરી બાદથી આશરે ૩૦૦ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. નવેસરના દર્શાવે છે કે બીડ જિલ્લામાં સૌથી વધારે ૮૩ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. જ્યારે નાન્દેડમાં ૫૫ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. ઓસ્માનાબાદમાં ૫૦ ખેડુતો આત્મહત્યા કરી ચુક્યા છે. ગયા વર્ષે પ્રદેશમાં કુલ ૫૬૯ ખેડુતો દ્વારા આત્મહત્યા કરવામાં આવી હતી. ખેડુતો દ્વારા આત્મહત્યા કેમ કરવામાં આવી રહી છે તે માટે રાજ્ય સરકાર દ્વારા બે જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. ખેડુતોની આત્મહત્યાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. ટોપ આઇએએસ અધિકારીની ટીમ ઓસ્માનાબાદમાં મોકલવામાં આવી છે. ખેડુતોની આત્મહત્યાને રોકવા માટે યાવાતમલમાં પણ ટીમ મોકલવામાં આવી રહી છે. બીડ જિલ્લાના કલેક્ટર નવલ કિશોર રામે કહ્યુ હતુ કે વર્ષ ૨૦૦૧માં ગ્રામીણ અર્થતંત્રમાં ઘણા બધા ફેરફાર કરવામાં આવ્યા છે. રાજ્યના મહેસુલી પ્રધાન એકનાથ ખડસેએ કહ્યુ હતુ કે આત્મહત્યા કરવાના કારણોમાં તપાસ કરવામાં આવી રહી છે.

ખેડુતો સારી કમાણી કરી રહ્યા છે. પરંતુ કમોસમી વરસાદના કારણે ખેડુતોને હાલમાં ભારે નુકસાન થયું છે. કેટલાક નિષ્ણાંતો કહે છે કે કપાસના ઉત્પાદન માટે ૨૩ ટકા જમીન આદર્શ રહી છે. મહારાષ્ટ્રમાં ખેડુતોની આત્મહત્યામાં હાલમાં અનેક ગણો વધારો થયો છે.

## કાશ્મીરમાં હાર્ટએટેકથી મહિલા યાત્રીનું મોત થયું

શ્રીનગર,તા. ૧૨

ઉત્તર કાશ્મીરના ગુલમર્ગ રિસોર્ટમાં આજે સવારે એક મહિલા પ્રવાસીનું હાર્ટએટેકના કારણે મોત થયું છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, શોભા બજાજ તરીકે કરવામાં આવી છે. આ મહિલા રાજસ્થાનની હોવાનું જાણવા મળ્યું છે. ગુલમર્ગ ટ્યુરિસ્ટ રિસોર્ટમાં આજે સવારે પહોંચી ત્યારે એકાએક બેભાન થઈ ગઈ હતી. ગુલમર્ગ રિસોર્ટમાં આ બનાવના કારણે ભારે ઉત્તેજના ફેલાઈ ગઈ હતી. બેભાન થઈ ગયા બાદ આ મહિલાને તરત જ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં આ મહિલાને મૃત જાહેર કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે, આ મહિલા હાલમાં જ જમ્મુ કાશ્મીરમાં પ્રવાસના હેતુસર પહોંચી હતી અને ગુલમર્ગ રિસોર્ટમાં રોકાયેલી હતી. પોલીસ દ્વારા પણ પ્રાથમિકતારીતે મામલામાં તપાસ કરવામાં આવી છે. રાજસ્થાનની આ મહિલાનું નામ તપાસ બાદ શોભા બજાજ તરીકે ઓળખાયું હતું. તેના પરિવારના સભ્યોને આ સંદર્ભમાં જાણ કરવામાં આવી છે. અન્ય જરૂરી પગલા લેવામાં આવ્યા છે.

## તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સમાં ૬૩૦ પોઈન્ટનો થયેલો ઘટાડો

મુંબઈ,તા. ૧૨

શેરબજાર આજે ફરી એકવાર પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયું હતું. છેલ્લા બે દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ફરી એકવાર બ્રેક મુકાઈ હતી. મેટલ, ફાયનાન્સિયલ અને કેપિટલ ગુડ્ઝના શેરમાં તીવ્ર વેચવાલી જોવા મળી હતી. આઈઆઈપી, સીપીઆઈ ડેટા જારી કરવામાં આવે તે પહેલા બજારમાં જોરદારી મંદી રહી હતી. આજે કારોબારના અંતે સેંસેક્સ ૬૩૦ પોઈન્ટ ઘટીને ૨૬૮૭૭ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૧૯૮ પોઈન્ટ ઘટીને ૮૧૨૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૭ ટકાનો ઘટાડો રહ્યો હતો. બીએસઈમાં માર્કેટબ્રીડ્થ નકારાત્મક રહી હતી. ૧૯૪૪ શેરમાં મંદી અને ૭૬૧ શેરમાં તેજી રહી હતી. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ સોમવારના દિવસે ૧૭૦ કરોડની કિંતમના ઈક્વિટીની ખરીદી કરી હતી. તમામ ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહ્યા હતા. બેંકેક્સ, કેપિટલ ગુડ્ઝ, પાવર, રિયાલીટી ઈન્ડેક્સમાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. મેટલ અને ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં ૨.૯ ટકા અને ૨.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. થોડાક શેરમાં તેજી પણ રહી હતી જેમાં ડો. રેડ્ડી લેબનો સમાવેશ થાય છે તેમા ત્રણ ટકાથી વધુનો ઉછાળો નોંધાયો હતો. મોટાભાગના શેરમાં તીવ્ર વેચવાલી રહી હતી. આઈસીઆઈસીઆઈ બેંકમાં ચાર ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એચડીએફસીમાં ત્રણ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એચડીએફસી બેંકના શેરમાં બે ટકાનો ઘટાડો રહ્યો હતો. એસબીઆઈમાં ત્રણ ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. આઈટીના શેરમાં પણ ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં આજે ફરી એકવાર મંદીનુ મોજુ ફરી વળ્યું હતુ. કારોબારની શરૂઆતમાં જ સેન્સેક્સમાં ૪૫૯ પોઈન્ટનો ઘટાડો થતા તેની સપાટી ૮૧૭૧ રહી હતી. જ્યારે નિફ્ટી ૧૫૪ પોઈન્ટ ઘટીને ૮૧૭૨ની નીચી સપાટીએ રહ્યો હતો. મેટને લઈને ચિંતા પ્રવર્તી રહી હોવા છતાં શેરબજારમાં ગઈકાલે જોરદાર તેજીનું મોજું ફરી વળ્યું હતું. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રેટમાં કાપની નવી આશા જાગી હતી. વૈશ્વિક ક્રૂડ ઓઈલની કિંમતમાં પણ ઘટાડો થયો છે. આ તમામ પરિબળોના પરિણામ સ્વરૂપે શેરબજારમાં ગઈકાલે જોરદાર તેજી રહી હતી. મોનસુનની સ્થિતિ સામાન્ય રહી શકે છે તેવા અહેવાલની અસર પણ જોવા મળી હતી.

### Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

'એટલે મિતાલી ગમે તેમ વર્તે તોય મમ્મીને વિશ્વાસ રાખવો રાજા? કોઈ બંધન મુકવાનાં જ નહીં?' એ નાની છે, એનાં નિર્ણય ખોટા પણ સાબિત થઈ શકે છે.'

'હા ભૂલ થઈ શકે, પણ એટલે શું પરિસ્થિતિથી મોં છૂપાવવાનું? એનાથી ભાગી જવાનું, એ ઉપાય નથી. ભૂલોમાંથી માણસ વધુ સારું શિખીને બહાર પડતો હોય છે. ભૂલ એટલે ગુન્હો નથી, એટલું સમજી લઈએ તો વોચ રાખવાની જગ્યાએ કેવી રીતે રહેવું એ સમજાતું થઈ જાય છે. ખરાબના ડરથી જો દરવાજો બંધ કરીએ તો સારી વસ્તુઓ પણ આવતી બંધ થઈ જાય છે. લતાએ એ સમયસર સમજાઇ ગયું છે. આ ચેન્જનો શ્રેય ત્રણેયને જાય છે. ફાલ્ગુનીએ તટસ્થ પણે લતાને સમજાવ્યું, લતાએ સમજીને સ્વીકાર્યું અને મિતાલીએ મમ્મીની સમજદારીને ગળે લગાડી અને એટલે હેપ્પી એન્ડિંગ આવ્યું. ભવિષ્યમાં પણ વાદ-વિવાદ કે મતભેદ થવાની શક્યતા છે પણ પરસ્પર શંકા ન હોવાથી, વિશ્વાસ હોવાથી, વાતચિતથી દરેક પ્રશ્નો હલ થશે, કેમ વેતાળ ખરું ને?'

'હા, રાજા, તમને વાત કહેતા રાત કયાં જતી રહી ખબર જ ન પડી. ઘરઘરમાં અનેક પ્રસ્નો છે, એટલે જયારે તમે ફરી લઈ જસો ત્યારે કહીશ, અત્યારે હું જાઉં' સૂર્યોદય થયો હતો અને રાજા રાજયમાં પહોંચી ગયો.

**ચૂંટલો :**

જનરેશન ગેપ એ સદીઓથી સતાવતો પ્રશ્ન છે. આજના જમાનાના પ્રશ્નો સમજી પોતાને ઢાળી લઈએ તો બાળકો અને વાલી વચ્ચે શંકાનું સમાધાન થઈ વિશ્વાસ પેદા થશે અને લાગણી - પ્રેમનું આવરણ ચઢશે એટલે, શું કરવું અને શું ન કરવું? એનાં માર્ગ આપોઆપ ખુલી જશે.

(શિર્ષક પંક્તિ : રાજેન્દ્ર શુક્લ)